### નડિયાદના સલૂણ બજાર અને ગાજીપુર વિસ્તારમાં મનપાનું સઘન ચેકિંગ

# નડિયાદ મનપા દ્વારા 4 દુકાન સીલ, લાખોની વસૂલાત કરાઈ

**મનપાએ 11 મિલકત** ધારકો પાસેથી સ્થળ પર રૂ. 2.28 લાખનો વેરો વસૂલ કર્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.21

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા બાકી મિલકત વેરાની વસૂલાત માટે આક્રમક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જેના ભાગરૂપે શહેરના વિવિધ વિસ્તારોમાં સીલિંગની કડક કાર્યવાહી હાથ ધરી લાખો રૂપિયાની વસૂલાત કરવામાં આવી હતી.



નડિયાદ મનપાના નાયબ મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ પાલિકાની ટીમે સલૂણ બજાર અને ગાજીપુર મસ્જિદ વિસ્તારમાં તપાસ હાથ ધરી હતી. આ કામગીરી દરમિયાન સલૂણ બજાર પોલીસ ચોકી પાસેની 1 અને ગાજીપુર મસ્જિદ પાસેની 3 મળી કુલ 4 દુકાનોને સીલ મારી દેવામાં આવ્યા હતા. આ મિલકતો પર આશરે રૂ.3,50,498 જેટલો વેરો બાકી હોવાથી તંત્ર દ્વારા આ આકરું પગલું ભરવામાં આવ્યું છે.

આ ઉપરાંત, પાલિકાની ટીમે સઘન ચેકિંગ દરમિયાન 11 જેટલા મિલકત ધારકો પાસેથી સ્થળ પર જ રૂ. 2,28,348ના બાકી વેરાની વસૂલાત કરી હતી. પાલિકા તંત્ર દ્વારા આગામી દિવસોમાં પણ બાકી વેરો ધરાવતી અન્ય મિલકતો સામે આ પ્રકારની કડક ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે તેવી ચીમકી આપવામાં આવી છે.

### પેટલાદની દિકરીએ PM રેલીમાં મેડલ મેળવ્યો

(પ્રતિનિધિ) પેટલાદ તા.21



પેટલાદ શહેરની 'ધ વેસ્ટર્ન ઈંગ્લીશ મિડીયમ સ્કુલ'માં ધોરણ-9માં અભ્યાસ કરતી અને એનસીસી કેડેટ એશા અમિતભાઈ કાછીયાએ દિલ્હી ખાતે યોજાયેલા પ્રતિષ્ઠિત રિપબ્લિક ડે કેમ્પ અંતર્ગત પીએમ રેલી અને સાંસ્કૃતિક રાષ્ટ્રીય સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યો છે. રાષ્ટ્રીય સ્તરે મળેલી આ સફળતા બદલ તેણીને RDC સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવી હતી. આ સફળતા પાછળ NCC જુનિયર થર્ડ ઓફિસર, કમાન્ડિંગ ઓફિસર અનંત ભટ્ટ, જીસીઆઈ પૂનમ અને યુનિટના ઈન્સ્ટ્રક્ટર સ્ટાફનું માર્ગદર્શન મહત્વનું રહ્યું છે. એશાની આ સિદ્ધિ બદલ શાળાના ટ્રસ્ટીઓ, આચાર્ય અને સ્ટાફ દ્વારા તેને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# આણંદના વઘાસી ગુરુકૂળમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

**આચાર્ય રાકેશપ્રસાદજી** મહારાજના હસ્તે ઘનશ્યામ મહારાજ બિરાજ્યા

(પ્રતિનિધિ) આણંદ તા.21

આણંદ તાલુકાના વઘાસી ખાતે નવનિર્મિત સ્વામિનારાયણ ગુરુકૂળમાં દિવ્ય અને મનમોહક વાતાવરણમાં શ્રી ઘનશ્યામ મહારાજનો મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ ભારે ધામધૂમપૂર્વક યોજાયો હતો. વડતાલ પીઠાધિપતિ આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજના વરદહસ્તે શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.



આણંદના વઘાસી ગુરુકૂળના આ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે આચાર્ય મહારાજનું ગુરુકૂળના પ્રણેતા શાસ્ત્રી સત્સંગભૂષણદાસજી સ્વામીએ ફૂલહાર પહેરાવી ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. બાદમાં આચાર્યને મંદિરના ગર્ભગૃહમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમણે મનમોહક ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા વિધિ સંપન્ન કરી પ્રથમ આરતી ઉતારી હતી.

આ પ્રસંગે આયોજિત સભામાં ધ્યાનીસ્વામીએ જણાવ્યું હતું કે, ફાગણ સુદ-3નો આ દિવસ ગુરુકૂળ માટે સુવર્ણ અક્ષરે લખાશે. આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજે આશીર્વચન આપતા હર્ષ વ્યક્ત કર્યો હતો અને સત્સંગભૂષણ સ્વામી દ્વારા વડતાલ દેશમાં વધુ પાંચ મંદિરોનું નિર્માણ થાય તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી.

આ મહોત્સવમાં વડતાલ મંદિરના ચેરમેન ડો. સંતવલ્લભદાસજી સ્વામી, મુખ્ય કોઠારી દેવપ્રકાશદાસજી સ્વામી, શ્યામવલ્લભ સ્વામી સહિતના વરિષ્ઠ સંતો અને ટ્રસ્ટી મંડળ ઉપસ્થિત રહ્યા હતા. આ દિવ્ય પ્રસંગના સાક્ષી બનવા માટે આણંદ પંથકમાંથી મોટી સંખ્યામાં હરિભક્તો ઉમટી પડ્યા હતા.

### પેટલાદથી જોધપુરની બસનો પ્રારંભ







પેટલાદ એસટી ડેપો ખાતે શનિવારે જોધપુરની બસનો પ્રારંભ થયો છે. આ બસ રોજ સવારે પેટલાદ ડેપોથી 10-30 કલાકે રવાના થશે. જે નડીયાદ, અમદાવાદ, મહેસાણા, શિરોહી થઈ રાત્રે એક કલાકે જોધપુર પહોંચશે. તેવી જ રીતે જોધપુરથી સવારે 10-30 કલાકે નીકળેલી બસ રાત્રે એક કલાકે પેટલાદ આવશે. આ બસનો પ્રારંભ પેટલાદના ધારાસભ્ય અને રાજ્ય મંત્રી કમલેશ પટેલે કરાવ્યો હતો. આ પ્રસંગે એસટીના વિભાગીય નિયામક સી.ડી. મહાજન, વિભાગીય પરિવહન અધિકારી, ડેપો મેનેજર, પેટલાદ તાલુકા પંચાયત પ્રમુખ સોનલ પટેલ, પેટલાદ તાલુકા ભાજપ પ્રમુખ રાજેશભાઈ, પેટલાદ શહેર પ્રમુખ ધર્મેન્દ્ર પટેલ, શહેર ભાજપ મહામંત્રી મનિષ ઠાકોર વગેરે હાજર રહ્યા હતા. **તસવીર : વિનાયક આણંદજીવાલા**

# વીરપુર : જર્જરિત ઈમારતમાં સારવાર જીવના જોખમે ફરજ બજાવતો સ્ટાફ

**વીરપુર** સામુહિક આરોગ્ય કેન્દ્ર જર્જરિત જાહેર છતાં તંત્ર ઘોર નિદ્રામાં

(પ્રતિનિધિ) વીરપુર તા.21

મહિસાગર જિલ્લામાં આરોગ્ય તંત્રની એક ભયાનક બેદરકારી સામે આવી છે. જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા જે ઈમારતોને 'અસુરક્ષિત' અને 'ભયજનક' જાહેર કરી તાત્કાલિક ખાલી કરવાના આદેશ આપવામાં આવ્યા છે, તેવી જ જર્જરિત ઈમારતોમાં આજે પણ ડોક્ટરો, સ્ટાફ નર્સ અને દર્દીઓ જીવના જોખમે વસવાટ કરી રહ્યા છે. વીરપુર સીએચસી અને ડેભારી પીએચસીની બિલ્ડીંગો




તસવીર: નાથુસિંહ પરમાર

ગમે ત્યારે કડાકાભેર તૂટી પડે તેવી સ્થિતિમાં હોવા છતાં ત્યાં સરકારી વહીવટ રાબેતા મુજબ ચાલી રહ્યો છે.

મહિસાગર મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર પત્રમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે, પીઆઈયુ (PIU) વિભાગ દ્વારા કરવામાં આવેલા સ્ટ્રક્ચર ઓડિટમાં આ આરોગ્ય કેન્દ્રોના મકાનો 'અસુરક્ષિત' હોવાનું રિપોર્ટમાં બહાર આવ્યું છે. તંત્રએ પત્ર લખીને એવી સૂચના આપી હતી કે કોઈ અનિચ્છનીય બનાવ કે જાનહાનિ ન થાય તે માટે આ મકાનોનો વપરાશ તાત્કાલિક બંધ કરવો અને વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરી મકાનો ખાલી કરવા તાકીદ કરી છે.

આશ્ચર્યની વાત તો એ છે કે, ઉચ્ચ કક્ષાએથી 'ખાલી કરો'ના આદેશ છૂટ્યા હોવા છતાં, વીરપુર અને ડેભારીમાં હજુ પણ આ જ ભયજનક ઈમારતોમાં ઓપરેશન થિયેટર, વોર્ડ અને ઓફિસો ધમધમી રહ્યા છે. સ્ટાફ નર્સ અને અન્ય કર્મચારીઓ મજબૂરીમાં આ જર્જરિત છત નીચે ફરજ બજાવી રહ્યા છે, જ્યારે સારવાર માટે આવતા ગરીબ દર્દીઓને તો ખબર પણ નથી કે જે છત નીચે તેઓ સાજા થવા આવ્યા છે, તે છત ગમે ત્યારે તેમના માટે કાળ બની શકે તેમ છે.

જો આ ઈમારત ધરાશાયી થાય અને કોઈ કર્મચારી કે દર્દીનો જીવ જાય, તો તેની જવાબદારી કોની રહેશે? તેવો વેધક પ્રશ્ન સ્થાનિકોમાં ઉઠી રહ્યો છે.

# સંતરામપુરથી શામળાજી બસ સેવા બંધ થતા રોષ

**સ્ટાફની અછતના** બહાને બસ બંધ કરાતા વિદ્યાર્થીઓ અને મુસાફરો પરેશાન

(પ્રતિનિધિ) ખાનપુર તા. 21

સંતરામપુરથી શામળાજી જતી રાજ્ય પરિવહન (ST) બસ સેવા છેલ્લા બે મહિના થી બંધ હોવાને કારણે સ્થાનિક મુસાફરો અને વિદ્યાર્થીઓમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

શામળાજી તથા આસપાસના વિસ્તારોમાં અભ્યાસ કરવા જતા વિદ્યાર્થીઓએ જણાવ્યું કે, એસ.ટી. બસ બંધ હોવાને કારણે તેમને ફરજિયાતપણે ખાનગી વાહનનો આશરો લેવો પડે છે. જેના કારણે વિદ્યાર્થીઓને વધારાનો આર્થિક ખર્ચ અને સમયનો બગાડ થઈ રહ્યો છે. ખાસ કરીને ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે આ પરિસ્થિતિ વધુ કઠિન બની છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, અગાઉ આ રૂટ પર બસ નિયમિત રીતે ચાલતી હતી, પરંતુ તેને અચાનક બંધ કરી દેવામાં આવી છે. બસ સેવા બંધ કરવા પાછળ સ્ટાફ ઓછો હોવાનું કારણ ચર્ચાઈ રહ્યું છે. પરંતુ અત્યાર સુધી આ સેવા ફરી શરૂ કરવા અંગે તંત્ર દ્વારા કોઈ સ્પષ્ટ માહિતી આપવામાં આવી નથી. જો આ જાહેર પરિવહન સેવા સમયસર ફરી શરૂ કરવામાં નહીં આવે, તો તેઓ દ્વારા તંત્ર સમક્ષ ઉગ્ર રજૂઆત અને આંદોલન કરવામાં આવશે. સ્થાનિક લોકોએ તંત્રને તાત્કાલિક ઘટતી કાર્યવાહી કરવા અને બસ સેવા પુનઃ શરૂ કરવા માગણી ઊઠી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદ SBI દ્વારા આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ નિમિત્તે 'અટલ કાવ્યાંજલિ' સ્પર્ધા યોજાઈ



**આણંદ** | આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ નિમિત્તે નગર રાજભાષા અમલીકરણ સમિતિના નેજા હેઠળ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, આણંદ દ્વારા ભવ્ય કાવ્ય પઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાના એજીએમ ધવલ પરમારની અધ્યક્ષતામાં યોજાયેલી આ સ્પર્ધામાં કેન્દ્ર સરકારની વિવિધ કચેરીઓના સ્ટાફે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધકોએ ભારત રત્ન સ્વ. અટલ બિહારી વાજપેયીની કવિતાઓનું પઠન કરી વાતાવરણને અટલમય બનાવી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે કિશોર સોનાર અને દિનેશ સિંહ ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે ચીફ મેનેજર સંજીવ પાંડેએ આભારવિધિ કરી હતી.

### નડિયાદના પાલૈયાની સેવા વિદ્યાલય ખાતે 'વિશ્વ સામાજિક ન્યાય દિવસ'ની ઉજવણી કરાઇ



**નડિયાદ** | નડિયાદ સ્થિત જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા આયોજિત કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પોક્સો એક્ટ, સાયબર સિક્યુરિટી અને વિવિધ કાનૂની સહાય યોજનાઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મંડળના સેક્રેટરી ડી.બી. જોષી દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા અને રમત-ગમત તેમજ સંસ્કૃત વિષયમાં ઉત્તમ દેખાવ કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું મહાનુભાવોના હસ્તે સન્માન કરાયું હતું. આ કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌએ 'બાળ લગ્ન મુક્ત ભારત' અને 'દહેજ પ્રતિબંધ' માટેના સામૂહિક શપથ લીધા હતા.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદની ખેતીવાડી હાઈસ્કૂલ ખાતે ગણિત મોડેલ્સ અને રમતોનું આયોજન કરાયું



**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ શિશુવિહાર અને બાલશાળા, ખેતીવાડી ખાતે ધોરણ 1 થી 5 ના વિદ્યાર્થીઓ દ્વારા 'ગણિત મોડેલ્સ અને ગાણિતિક રમતો'નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ વિવિધ આકારો, પઝલ્સ અને સંખ્યાઓની જાદુઈ રમતો દ્વારા ગાણિતિક સિદ્ધાંતોને રસપ્રદ અને સર્જનાત્મક રીતે રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં વિશેષ આકર્ષણ રૂપે પપેટ શો દ્વારા અઘરા એકમોને વાર્તા સ્વરૂપે સમજાવવામાં આવ્યા હતા, જે વાલીઓમાં પણ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ, કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલ અને આચાર્યા હીનાબેન ભાવસારે બાળકોની આ શક્તિને બિરદાવી શુભકામનાઓ પાઠવી હતી.

### ધર્મજની વી.એન. હાઈસ્કૂલ ખાતે 'માતૃભાષા મહોત્સવ'ની ભવ્ય ઉજવણી કરાઇ



**પેટલાદ** | ધર્મજ સ્થિત વી.એન. હાઈસ્કૂલ ખાતે ગુજરાત સાહિત્ય અકાદમી અને યશસ્વી ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે 'મળી માતૃભાષા મને ગુજરાતી' વ્યાખ્યાન કાર્યક્રમ યોજાયો. ડો. ભાગ્યેશ ઝા અને ડો. નવનીત ચૌહાણ જેવા મહાનુભાવોની ઉપસ્થિતિમાં નવી પેઢીમાં માતૃભાષા પ્રત્યે ગૌરવ જગાડવાનો મુખ્ય હેતુ રહ્યો હતો. વક્તા રાજેશ દાણી અને ડો. જયશ્રી દીક્ષિતે પોતાના પ્રભાવશાળી વિચારો દ્વારા ઉપસ્થિત શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. આ પ્રસંગે 150થી વધુ વિદ્યાર્થીઓ અને સાહિત્યપ્રેમીઓએ હાજર રહીને કાર્યક્રમને તાળીઓના ગડગડાટથી વધાવી લીધો હતો.

### સંતરામપુર ડાયટ ખાતે પર્યાવરણ વિષયની ગુણવત્તાસભર માસ્ટર ટ્રેનર્સ તાલીમ યોજાઈ



**સંતરામપુર** | જીસીઈઆરટી ગાંધીનગર પ્રેરિત અને ડાયટ સંતરામપુર દ્વારા ધોરણ 3થી 5ના પર્યાવરણ વિષયની શિક્ષક આવૃત્તિ આધારિત બે દિવસીય માસ્ટર ટ્રેનર્સ તાલીમ યોજાઈ હતી. જેમાં તજજ્ઞ ચિરાગકુમાર પંચાલ, રમેશભાઈ પટેલ અને હિતેન્દ્રભાઈ પટેલે ઈનોવેટીવ પેડાગોજી અને પ્રવૃત્તિમય શિક્ષણની ઊંડાણપૂર્વક સમજ આપી હતી. રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020ના ઉદ્દેશો સાથે તાલીમમાં 360 ડિગ્રી મૂલ્યાંકન અને 21મી સદીના કૌશલ્યોના વિકાસ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

### કપડવંજના ચારણીયા ગામે આઈ રાજબાઈ માતાજીના જન્મોત્સવની ઉજવણી કરાઇ



**કપડવંજ** | ચારણીયામાં નિવૃત્ત બીએસએફ જવાન ધીરજસિંહ ગઢવીના યજમાનપદે વાચા શાખાના ગોત્રદેવી આઈ રાજબાઈના જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે હવન, ભવ્ય શોભા યાત્રા અને મહાપ્રસાદનું આયોજન કરાયું હતું, જેમાં આસપાસના ગામોના અનેક શ્રદ્ધાળુઓ અને ચારણ સમાજના અગ્રણીઓ જોડાયા હતા. સાંજે ભવ્ય મહાઆરતી સાથે આ ધાર્મિક મહોત્સવની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, યજમાન ધીરજસિંહ ગઢવી દ્વારા દર વર્ષે આ ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવે છે.

### કપડવંજ નગરપાલિકાના નવા ચીફ ઓફિસર તરીકે મેહુલ કુમાર પરમારે પદભાર સંભાળ્યો



**કપડવંજ** | કપડવંજ નગરપાલિકાના નવા ચીફ ઓફિસર તરીકે મેહુલ કુમાર આઈ. પરમારે વિધિવત રીતે સત્તાના સૂત્રો સંભાળ્યા છે. આ પ્રસંગે પાલિકા પ્રમુખ, ચૂંટાયેલા સદસ્યો અને અગ્રણીઓએ તેમની શુભેચ્છા મુલાકાત કરી અભિનંદન પાઠવ્યા હતા. નવા ચીફ ઓફિસર પ્રમાણિકતાથી કાર્ય કરી નગરના વિકાસને વેગ આપશે તેવી અપેક્ષા સૌ નગરજનો દ્વારા રાખવામાં આવી છે. તેઓ નગરપાલિકાના તમામ હોદ્દેદારો અને પત્રકારો સાથે મળીને નિર્વિવાદપણે પોતાની ફરજ અદા કરશે.

### કપડવંજ એસી શારદા મંદિરમાં ચંદ્રયાનની સફળ સફરનું 3-ડી નિદર્શન યોજાયું



**કપડવંજ** | ભાગ્યલક્ષ્મી ગ્રુપ અને પ્રિયા એન્ટરપ્રાઇઝના સંયુક્ત ઉપક્રમે કપડવંજની એસી શારદા મંદિર પ્રાથમિક શાળામાં વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધોરણ 5થી 8ના 482 વિદ્યાર્થીઓ અને 17 શિક્ષકોએ ડોમ દ્વારા ચંદ્રયાનની સફળ સફરનું 3-ડી નિદર્શન નિહાળી રોમાંચક અનુભવ મેળવ્યો હતો. આ આધુનિક પ્રદર્શન દ્વારા બાળકોને વિજ્ઞાન ક્ષેત્રે કંઈક નવું જાણવા મળતા ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળ્યો હતો. શાળા પરિવારે વિદ્યાર્થીઓને આ અનેરો અવસર પૂરો પાડવા બદલ ભાગ્યલક્ષ્મી રેલિંગ ગ્રુપ અને પ્રિયા એન્ટરપ્રાઇઝનો આભાર વ્યક્ત કર્યો હતો.

### ઓડની હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ આણંદ જિલ્લા ન્યાયાલયની શૈક્ષણિક મુલાકાત લીધી



**આણંદ** | ઓડની પ્રમુખ સ્વામી ઈંગ્લીશ મીડીયમ હાઈસ્કૂલના માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ અભ્યાસક્રમના ભાગરૂપે આણંદ જિલ્લા ન્યાયાલયની મુલાકાત લઈ ન્યાયતંત્રની પ્રત્યક્ષ સમજ મેળવી હતી. શિક્ષક મેહુલકુમાર દરજીના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ મુખ્ય જિલ્લા ન્યાયાધીશની કોર્ટ, પોક્સો કોર્ટ અને સિવિલ કોર્ટમાં થતી કાયદાકીય કાર્યવાહીનું નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાત દરમિયાન ડીએલએસએ કચેરી દ્વારા વિદ્યાર્થીઓને બાળકોને લગતા કાયદાઓ, કેસોના પ્રકાર અને લોક અદાલતની કામગીરી વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. આ શૈક્ષણિક પ્રવાસ બદલ શાળા પરિવારે આણંદ જિલ્લા ન્યાયાલયનો આભાર વ્યક્ત કર્યો હતો.

### આણંદના પુરષોત્તમનગરમાં હિન્દુ સંમેલનમાં એકતા અને પર્યાવરણ જાળવણીનો સંદેશ અપાયો




**આણંદ** | પુરષોત્તમ નગરના એમ. જે. સ્કૂલ મેદાનમાં આયોજિત આ સંમેલનમાં સાધુ વેદ મનનદાસે હિન્દુ એકતા અને શાસ્ત્રોમાં રહેલી શક્તિ વિશે માર્ગદર્શન આપ્યું હતું. મુખ્ય વક્તા પ્રો. વસંતભાઈ પટેલે શિવાજી મહારાજના આદર્શો અને શહીદોની શહાદતને યાદ કરી સંસ્કૃતિના રક્ષણ માટે જાગૃત રહેવા હાકલ કરી હતી. સંયોજક રાઘવ ત્રિવેદીએ પર્યાવરણ અને સ્વચ્છતા પર ભાર મૂક્યો હતો, જ્યારે કાર્યક્રમનું સંચાલન ડો. મુકેશકુમાર જોશીએ કર્યું હતું. આ સંમેલનમાં ભજન મંડળો, પૂજારીઓ અને મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકોએ હાજરી આપી હતી અને અંતે ડો. સંદીપ ચંદ્રાએ આભાર વિધિ કરી હતી.

### આણંદ સીએ ઇન્સ્ટિટ્યૂટના વર્ષ 2026-27 માટેના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી



**આણંદ** | આઈસીએઆઈની આણંદ શાખા માટે વર્ષ 2026-27ના ચેરમેન તરીકે સીએ હર્ષિત દેસાઇ અને વાઇસ ચેરમેન તરીકે સીએ તૃષ શાહની પસંદગી કરવામાં આવી છે. આ નવી ટીમમાં સેક્રેટરી તરીકે સીએ પાર્થ પટેલ, ટ્રેઝરર તરીકે સીએ જય શાહ અને કમિટી સભ્યો તરીકે સીએ રોનક ગોયલ તથા સીએ રાજન આનંદપુરા ચૂંટાયા છે. નવનિયુક્ત ચેરમેન સીએ હર્ષિત દેસાઇએ આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે સંસ્થા 400થી વધુ સભ્યો અને 900 વિદ્યાર્થીઓના હિતમાં અને દેશહિતના કાર્યો કરતી રહેશે. આ પ્રસંગે GSTના ફેરફારો અને આઈસીએઆઈ કોડ ઓફ એથિક્સ વિષય પર સભ્યોને માર્ગદર્શન આપ્યું હતું.